#182

Bridge 🌉

મિત્રો,

ઘણા લોકો કામ અને જીવનને બે અલગ દુનિયા માને છે. ઓફિસમાં એક ચહેરો અને ઘરે બીજો ચહેરો. પરિણામે બંને જગ્યાએ થાક, તણાવ અને અસંતોષ વધે છે.

પરંતુ સાચી સફળતા ત્યારે મળે છે જ્યારે આપણે જીવન અને કામ વચ્ચે દિવાલ નહીં, પરંતુ સેતુ બનાવીએ.

ઘરે શીખેલી પ્રામાણિકતા, સંસ્કાર, ધીરજ અને પ્રેમને કાર્યસ્થળે લઈ જઈએ. અને કાર્યસ્થળે શીખેલી શિસ્ત, સમયપાલન, જવાબદારી અને ટીમવર્કને ઘરે લઈ જઈએ.

મિત્રો,

વિચાર કરીએ—જો Electricity ના બે પોઇન્ટ વચ્ચે જોડાણ જ ન હોય તો કરંટ વહેતો નથી. એ જ રીતે જીવન અને કામ વચ્ચે જોડાણ ન હોય તો ઊર્જા, આનંદ અને વિકાસ પણ અટકી જાય છે.

કામ જીવનનો વિરોધી નથી; કામ જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

જ્યારે બંને એકબીજાને સમૃદ્ધ બનાવે છે, ત્યારે માત્ર કારકિર્દી જ નહીં, આખું જીવન સફળ બને છે.